વેચાણ દસ્તાવેજ

ડિસ્ટ્રીક્ટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૧ (અસલાલી) નાં નારોલ તાલુકાનાં મોજે હાથીજણની સીમનાં ફાઈનલ પ્લોટ નંબર ૮૧, ટી.પી.સ્કીમ નંબર ૧૧૬ ની ૭૭૦૯ ચોરસમીટર બીનખેતીની જમીન (બ્લોક નંબર-૫૬૯/૧ ની ૧૨૮૪૯ ચોરસમીટર જમીન) ઉપર આવેલ ''સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક'' સ્કીમમાં આવેલ શેડ નં. ૧૩ જે આશરે ૬૮.૦૮ ચોરસમીટર જમીન ઉપર આવેલ ૬૩.૬૨ ચોરસમીટર કારપેટ એરીયા બાંધકામવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ રૂા.

/- અંકે રૂપિયા પુરા.

લખાવી લેનાર :

વેચાણ લેનાર　　　ઉંમર આશરે વર્ષ　　　, ધંધો : વેપાર, જાતે તથા ધર્મે હિન્દુ,

રહેવાસી :

PAN :

(જેમને આ વેચાણ દસ્તાવેજમાં ''તમો'' અગર ''લખાવી લેનાર'' એ રીતે સંબોધવામાં આવ્યા છે, જે શબ્દનાં અર્થમાં　　　　તથા તેમના વંશ, વાલી, વારસો, એટર્નીઓ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઇનીઝ, એક્ઝીક્યુટરો, વિગેરે તમામનો સમાવેશ થાય છે.)

લખી આપનાર :　　　સરોવર ડેવલોપર્સ પ્રા.લી. વતી તેના ડાયરેક્ટર

વેચાણ આપનાર　　　અનીષ પોરસભાઇ ગાંધી

પુખ્ત ઉંમરનાં, ધંધો વેપાર, જાતે તથા ધર્મે હિન્દુ,

રજીસ્ટર્ડ ઓફીસ : સંતુર એવન્યુ, ૧૩એ, પુષ્પકુંજ સોસાયટી, કાંકરીયા, અમદાવાદ

PAN : AACCS7438R

(જેમને આ વેચાણ દસ્તાવેજમાં ''અમો'' અગર ''લખી આપનાર'' એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દનાં અર્થમાં સરોવર ડેવલોપર્સ પ્રા.લી.નાં હાલનાં અને ભવિષ્યનાં

ડાયરેક્ટરો તથા તેમના વંશ, વાલી, વારસો, એટર્નીઓ, એડમીનીસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, એક્ઝીક્યુટરો, વિગેરે તમામનો સમાવેશ થાય છે.)

ડિસ્ટ્રીક્ટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૧ (અસલાલી) નાં નારોલ તાલુકાનાં મોજે હાથીજણની સીમનાં ફાઇનલ પ્લોટ નંબર ૮૧, ટી.પી.સ્કીમ નંબર ૧૧૬ ની ૭૭૦૯ ચોરસમીટર બીનખેતીની જમીન (બ્લોક નંબર-૫૬૯/૧ ની ૧૨૮૪૯ ચોરસમીટર જમીન) ઉપર આવેલ "સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક" સ્કીમમાં આવેલ શેડ નં. જે આશરે ચોરસમીટર જમીન ઉપર આવેલ ચોરસમીટર કારપેટ એરીયા બાંધકામવાળી મિલકત (જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "સદરહું મિલકત" તરીકે સંબોધવામાં આવશે.

સદરહું ફાઇનલ પ્લોટ નંબર ૮૧, ટી.પી.સ્કીમ નંબર ૧૧૬ ની ૭૭૦૯ ચોરસમીટર બીનખેતીની જમીન (બ્લોક નંબર-૫૬૯/૧ ની ૧૨૮૪૯ ચોરસમીટર જમીન) બીજીતરફવાળા એટલેકે સરોવર ડેવલોપર્સ પ્રા.લી. વતી તેના ડાયરેક્ટરે તેના પુરોગામી માલીકો પાસેથી તા : ૨૨/૦૪/૨૦૧૩ નાં રોજ દસ્તાવેજ નં.૨૭૫૮ થી વેચાણ રાખેલ હતી, બીજીતરફવાળાનું નામ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૫૪૭૪ થી તા : ૦૯/૦૭/૨૦૧૩નાં રોજથી માલીક / કબજેદાર તરીકે નોંધાયેલ છે.

સદરહું ફાઇનલ પ્લોટ નંબર ૮૧, ટી.પી.સ્કીમ નંબર ૧૧૬ ની ૭૭૦૯ ચોરસમીટર બીનખેતીની જમીન (બ્લોક નંબર-૫૬૯/૧ ની ૧૨૮૪૯ ચોરસમીટર જમીન) ની જમીનને કલેક્ટર અમદાવાદ દ્વારા બીનખેતીની પરવાનગી ઓર્ડર નંબર

SR1003/2012 થી આપવામાં આવેલ હતી, જે બાબતની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૫૧૬૬ થી તારીખ ૧૭/૧૦/૨૦૧૧ ના રોજથી નોંધાયેલ છે.

સદરહું ફાઈનલ પ્લોટ નંબર ૮૧, ટી.પી.સ્કીમ નંબર ૧૧૬ ની ૭૭૦૯ ચોરસમીટર બીનખેતીની જમીન (બ્લોક નંબર-૫૬૯ ની ૧૨૮૪૯ ચોરસમીટર જમીન) ઉપર બીજીતરફવાળાએ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટની સ્કીમ "સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક" તથા કોર્મશીયલ સ્કીમ "સરોવર આર્કેડ"નું આયોજન કરેલ છે. ઈન્ડસ્ટ્રીયલ પ્લોટની યોજના અંગે અમદાવાદ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી પાસેથી મંજુરી તા : ૧૯/૦૮/૨૦૧૪ નાં રોજ રજા ચિઠ્ઠી નંબર PRM/34/2/2013/250 થી મેળવેલ છે.

એકતરફવાળાએ બીજીતરફવાળાનો સંપર્ક કરેલ છે અને આ સ્કીમનાં શેડ નં.

વેચાણ રાખવા બાબતે વાટાઘાટો કરેલ છે, તેથી બંને તરફવાળાઓએ આ વેચાણ દસ્તાવેજ કરેલ છે જેની શરતો નીચે મુજબ છે.

૧. સદરહું મિલકત લખી આપનારની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તથા તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત મિલકત છે અને સરકારી તથા અર્ધસરકારી રેકોર્ડમાં અને રેકોર્ડ ઓફ રાઈટસમાં તેમનાં નામે ચાલી આવેલ છે.

૨. સદરહું મિલકત અમો લખી આપનારે તમો લખાવી લેનારને રૂા. /- અંકે રૂપિયા પુરામાં વેચાણ આપી છે. જેનો અવેજ અમને નીચેની વિગતે મળેલ છે.

-: અવેજની વિગત :-

તારીખ	રકમ રૂા.	બેંક	શાખા	ચેક નંબર

૩. સદરહું સ્કીમ અંગેનાં જરૂરી પેપર જેવાકે ગામ નમુનો ૭, જમીનનાં દસ્તાવેજો, એન.એ. પરમીશન, લે આઉટ પ્લાન, યુનિટ પ્લાન, સ્કીમનો ટાઇટલ રીપોર્ટ તથા સ્કીમને લગતા તમામ ડોક્યુમેન્ટ એકતરફવાળાએ જોઇ તપાસી લીધેલ છે અને તેઓએ પોતાના એક્ષપર્ટની સલાહ લઇ પુરતી ચકાસણી બાદ આ મિલકત લેવાનુ નક્કી કરેલ હોવાથી બીજીતરફવાળાનો સંપર્ક કરેલ છે. તેઓ ઉપર જણાવેલ તમામ ડોક્યુમેન્ટથી સંતુષ્ટ થઇને આ મિલકત વેચાણ લેવાનુ નક્કી કરેલ છે.

૪. અમો લખી આપનારને સદર અવેજની રકમ તમો લખાવી લેનારે ચુકવી આપી છે, જે મળ્યાનું અમો આથી કબુલ કરીએ છીએ, અને સદરહું મિલકતનો શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજો તમો લખાવી લેનારને સોંપેલ છે.

૫. એકતરફવાળાએ સદરહું મિલકત તથા તેમા આવેલ ફીક્ચર્સ, ફીટીંગ, ઇલેકટ્રીકલ વાયરીંગ, અને સ્કીમમાં આવેલ કોમન સુવિધાઓને જોઇ, ચકાસી લીધેલ છે અને સદરહું મિલકતનાં માપ અનેસ્પેસિફીકેશન મુજબ બરાબર

હોવાની ખાત્રી કરેલ છે.

૬. સદરહું મિલકત તથા તેમા આવેલ સુવિધાઓ અને તેને આનુસાંગિક તમામ બાબતો એકતરફવાળાએ જોઇ તપાસી લીધેલ છે તેથી ભવિષ્યમાં સદરહું મિલકતમાં વપરાયેલ મટીરીયલ, તેની ગુણવત્તા, અન્ય સુવિધાઓ અને તેની ગુણવત્તા બાબતે ભવિષ્યમાં કોઇપણ પ્રકારની તકરાર કરવાની કે કરાવવાની રહેશે નહી.

૭. સદરહું મિલકત તમામ બોજાઓથી મુક્ત છે. અમો લખી આપનાર સદરહું મિલકત સીધી યા આડકતરી રીતે કોઇપણ પ્રકારનો ચાર્જ, બોજો, ગીરો કે લીયન કરેલ નથી, અગર કોઇપણ પ્રકારે સીધી યા આડકતરી રીતે બોજામાં આપેલ નથી. સદરહું મિલકતનાં રાઇટ, ટાઇટલ્સ ક્લીયર અને માર્કેટેબલ છે, અને તે વેચાણ આપવા અમને સંપૂર્ણ હકક અધિકાર છે.

૮. સદરહું મિલકતનાં તમો આજથી કુલ સ્વતંત્ર માલિક, કબજેદાર છો. આજથી અમો લખી આપનાર અગર અમારા વંશ, વાલી, વારસો અગર અન્યનો સદરહું મિલકત ઉપર કોઇ હક્ક અધિકાર નથી, અને કોઇ આવો હક્ક અધિકાર કરે તો વ્યર્થ, અને રદબાતલ ગણાશે.

૯. આજથી સદરહું મિલકત માલિક તરીકે તમો વાપરો, ભોગવો, વસો, કે વસાવો, વેચો, સાટો, ગીરો મુકો અગર તમારૂ દિલ ચાહે તે રીતે તેનો ઉપયોગ કરો. સદર શેડના ધાબાના રાઇટ્સ લખાવી લેનારનાં રહેશે.

૧૦. સદરહું મિલકતનાં સહીયારા વપરાશ અંગેનું ઇલેકટ્રીક બીલ, સિક્યોરીટી ચાર્જ, બોરવેલ અંગેનો ખર્ચો આ સ્કીમનાં સભ્યોએ વરાડે પડતા ભાગે વહેંચીને ચુકવવાનો રહેશે.

૧૧. સદરહું મિલકતનાં વેચાણ દસ્તાવેજ રજીસ્ટર થયા બાદ માલીકી હક્ક એકતરફવાળાનો થશે અને એકતરફવાળા સદરહું મિલકત વેચે, સાટે, ગીરો મુકે કે અન્ય કોઇપણ પ્રકારે કોઇ ત્રાહીતની તરફેણમાં વેચાણ આપે તો તેવા કાર્યો સર્વિસ સોસાયટીનાં નિતિ નિયમોને આધીન રહેશે. જો કોઇ શેડ ભાડે આપવામાં આવે તો તેની જાણ લાગતા વળગતા પોલીસ સ્ટેશનમાં માલીકનાં ખર્ચે અને જોખમે કરવાની રહેશે. જો સદરહું મિલકત વેચવાની હોય તો તેવા સંજોગોમાં સર્વિસ સોસાયટીને જાણ કરી લેખિત પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે. જો પૂર્વ મંજુરી મેળવેલ નહીં હોય તો ખરીદનારને સભ્ય તરીકે દાખલ કરવો કે નહીં તેની સંપૂર્ણ સત્તા સર્વિસ સોસાયટીની રહેશે. નવા સભ્યને પણ આ વેચાણ દસ્તાવેજમાં જણાવેલ તમામ કલમો લાગુ પડશે.

૧૨. સદરહું મિલકતનાં આજદિન સુધીનાં તમામ મ્યુનિસીપલ કરવેરા, વીજળી બળતણ તમામ લખી આપનારે ચુકવેલ છે, અને માલિક તરીકે આજથી લાગુ પડતા તમામ ખર્ચા ચુકવવાની જવાબદારી તમારી છે. આમ છતાં આજ પહેલાની કોઇ સરકારી, અર્ધસરકારી અગર કોઇપણ રકમ બાકી નીકળે તો તમામ ચુકવવા અમો બંધાઇએ છીએ.

૧૩. સદરહું મિલકત કે તેનો કોઇ ભાગ સરકારી, અર્ધસરકારી, પંચાયત અગર કોઇ અન્ય ઓથોરીટીના એકવીઝીશન અગર રેક્વીઝીશનમાં નથી, અને તે અંગેની કોઇ નોટિસ અમને આજદિન સુધી મળેલ નથી. સદરહું મિલકત કે તેના કોઇ ભાગ અંગે કોઇ કોર્ટમાં દાવાદુવી ચાલતા નથી, અગર કોઇની જપ્તીમાં નથી, અગર તે નહીં વેચવા કોઇ કોર્ટનો મનાઇ હુકમ નથી, કે તે અંગેની કોઇ નોટીસ અમને આજસુધી મળેલ નથી. સદરહું મિલકત કે તેના કોઇ ભાગ ઉપર કોઇનો ખાધાખોરાકી અગર કોઇ અન્ય હક્ક નથી.

૧૪. સદરહું મિલકત રેવન્યુ રેકોર્ડમાં લખાવી લેનારે સ્વતંત્ર નામે ટ્રાન્સફર કરાવી લેવાની છે અને તે માટે અમારે જરૂરી સાથ સહકાર આપવાનો છે. તેમ છતાં જ્યાં જ્યાં અમારી સહીઓની જરૂર પડે કે કોઇ નિવેદન આપવાની જરૂર પડે તો તે બીજીતરફવાળાએ આપવાના છે. બીજીતરફવાળા તરફથી આ કાર્યવાહી સ્કીમનું સંપૂર્ણ વેચાણ થયા બાદ જ કરવામાં આવશે.

૧૫. સદરહું મિલકત તમારા નામે સરકારી, અર્ધસરકારી કચેરીઓમાં તથા ઇલેકટ્રીક સીટીમાં તથા સરકારી કચેરીના રેકોર્ડમાં ચઢાવવામાં કાયદા પ્રમાણે જેજે જરૂરી અરજીઓ, કાગળો, ખાત્રીઓ, ચીજો, જવાબો વિગેરે વખતો વખત તમો વેચાણ લેનારને કે વેચાણ લેનારના વકીલને જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જરૂર પડે ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તેને અરજીઓ, કાગળો, ખાત્રીઓ, ચીજો, જવાબો, વિગેરેમાં અમો વેચાણ આપનારે સહીઓ કરી આપવાની છે.

૧૬. સદરહું મિલકતનો ઉપયોગ લખાવી લેનારે ફક્ત પોતાના ઔધોગિક કાર્ય માટે કરવાનો છે, પ્લોટમાં કોઈપણ જાતની અનૈતિક કે ગેરકાયદેસર પ્રવૃત્તિ કરી શકાશે નહીં કે સ્ફોટક પદાર્થોનો સંગ્રહ કરી શકાશે નહીં.

૧૭. સદરહું "સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક" સ્કીમમાં આવેલ તમામ કોમન એમીનીટીસ સહીયારી મિલકત અને સાધનો આવેલ છે જેનો ઉપયોગ તમામ પ્લોટ માલીકોએ સહીયારા ધોરણે વાપરવાનો છે. કોઈપણ મેમ્બર તેમા પોતાની માલીકીનો હક્ક દાવો કરી શકશે નહીં.

૧૮. સદરહું "સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક" સ્કીમમાં આવેલ અન્ડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી તથા ઓવરહેડ પાણીની ટાંકીનો વપરાશ હક્ક સ્કીમનાં તમામ સભ્યોનો સહીયારો રહેશે.

૧૯. સદર "સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક" સ્કીમનાં યોગ્ય અને વ્યવસ્થિત વહીવટ થાય તે સારૂ "સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક" ધી સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. કે અન્ય કોઈ વિકાસ મંડળની સ્થાપના કરવામાં આવશે, વેચાણ લેનાર "સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક" નાં દરેક પ્લોટ માલીકે સર્વિસ સોસાયટી / વિકાસ મંડળમાં સભ્ય થવુ ફરજીયાત છે અને પ્લોટનાં દસ્તાવેજ થયેથી અથવા પઝેશન લેવાની સાથે તે આપોઆપ (**Automatically**) સભ્ય થઈ જાય છે અને વેચાણ લેનારે સર્વિસ સોસાયટીનાં વખતો-વખતનાં નિતિ નિયમોનું પાલન કરવું ફરજીયાત છે અને

તેમજ કોમન મિલકતની જાળવણી કરવા માટે નક્કી કરવામાં આવે તે કાયમી અથવા માસીક ખર્ચની રકમ તમોએ ભરવાની છે અને રહેશે. તમો લખાવી લેનારે ધી સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. કે અન્ય કોઈ વિકાસ મંડળનાં તમામ ધારા – ધોરણનું પાલન કરવાનું રહેશે તેમજ મેઈન્ટેનન્સની તથા ડિપોઝીટની રકમ સર્વિસ સોસાયટી / વિકાસ મંડળ જે નક્કી કરે તે તમોએ સર્વિસ સોસાયટી / વિકાસ મંડળમાં જમા કરાવવાની રહેશે.

૨૦. સદર ''સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક'' સ્કીમમાં કોઈપણ કોમન જગ્યામાં સિવાય કે મેમ્બરને એલોટ કરેલ માર્જીનની જગ્યામાં જેવા કે પેસેજ, માર્જીન વિગેરેમાં કોઈપણ જાતનાં કામ કરવાની જરૂરીયાત જો કોઈ સભ્યોને ઉભી થાય તો તેના માટે સદર સર્વિસ સોસાયટી / વિકાસ મંડળની લેખીત પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

૨૧. સદર સ્કીમમાં શેડ નં. ૧૮ થી ૨૫ તથા શેડ નં. ૨૬,૩૯,૪૦,૫૩ નાં પાછળનાં માર્જીનની જગ્યા જે તે શેડવાળાને એલોટ કરેલ છે જે અમો લખાવી લેનારને જાણમાં છે તેથી ઉપરોક્ત શેડ માલીકનો માર્જીનની ૧૨૩.૭૪ ચોરસમીટર જગ્યા કાયમી ધોરણે વપરાશ કરવાનો હક્ક રહેશે.

૨૨. સદર ''સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક'' સ્કીમમાં કોઈપણ કોમન જગ્યામાં જેવા કે પેસેજમાં બીજા મેમ્બરને અડચણરૂપ થાય તેવુ કોઈપણ કાર્ય કે દબાણ એકતરફવાળા કરી શકશે નહીં.

૨૩. સદર ''સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક'' સ્કીમમાં આવેલ કોમન એમેનીટીસનો માત્ર એકતરફવાળા ઉપયોગ કરી શકશે. આ એમેનીટીસનો ત્રાહીત વ્યક્તિ માટે ઉપયોગ કરી શકાશે નહીં અને જો આવો ગેરકાયદેસર ઉપયોગની જાણ સર્વિસ સોસાયટી / વિકાસ મંડળને થશે તો તેઓ આવા ઉપયોગ માટે જરૂરી ખર્ચ / પેનલ્ટી એકતરફવાળા પાસે વસુલ કરી શકશે.

૨૪. સદરહું પ્લોટ અન્ય કોઈ વ્યક્તિને ભાડે આપવાનો થાય તો વેચાણ લેનારે સર્વિસ સોસાયટી / વિકાસ મંડળને જાણ કરી લેખિત પૂર્વ મંજુરી મેળવી લાગુ પડતા પોલીસ સ્ટેશનને લેખિતમાં જાણ કરવાની છે.

૨૫. લખાવી લેનારે તેમને વેચાણ આપેલ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ / શેડ અંગેનો કુદરતી આફતો માટે પુરતી રકમનો વીમો પોતાનાં ખર્ચે દરેક વર્ષે ઉતરાવવાનો છે જેની જવાબદારી લખાવી લેનારની છે.

૨૬. તમો લખાવી લેનારે સદર સ્કીમનાં બાહ્યદર્શન / એલીવેશનમાં તેમજ પ્લોટમાં નક્કી કરેલ જગ્યામાં ફેરફાર અને પ્લોટનાં સ્ટ્રક્ચરને નુકશાન થાય તેવું કોઈપણ કામ કરી શકશે નહીં તેમજ કોઈપણ સુધારા / વધારા કરી શકશે નહીં. સર્વિસ સોસાયટી / વિકાસ મંડળની લેખીત સંમતિ સિવાય / તેમજ સક્ષમ અધિકારીની લેખીત મંજુરી સિવાય કરાવી શકાશે નહીં.

૨૭. તમો લખાવી લેનારે સદર સ્કીમનાં બ્રોશર તથા લખી આપનાર જોડે થયેલ વાત મુજબનાં સ્પેસિફીકેશન પ્રમાણે ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ / શેડને જોઇ તપાસી લીધો છે. ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ/ શેડમાં આપેલ તમામ ફીટીંગની વોરંટી જે તે મેન્યુફેક્ચરરની છે. લખાવી લેનારે સદરહું મિલકતમાં વપરાયેલ મટીરીયલ તથા માપતાલની પુરેપુરી ચકાસણી કર્યા બાદ આ મિલકતનો વેચાણ દસ્તાવેજ કરવા પોતાની મંજુરી આપેલ છે તેથી આ મિલકત કે તેના સ્પેસિફીકેશન અંગે તથા તેમા વપરાયેલ મટીરીયલ અંગે લખાવી લેનારને કોઇપણ જાતનો વિવાદ નથી અને ભવિષ્યમાં આ અંગે કોઇપણ જાતની તકરાર ચાલશે નહીં.

૨૮. વેચાણ લેનાર કે અન્ય મેમ્બરો ભેગા થઇને સદરહું સ્કીમનું નામ બદલી શકશે નહીં અને કાયમ માટે આ સ્કીમ ‘‘સરોવર ઇન્ડસ્ટ્રીયલ પાર્ક’’ તરીકે ઓળખાશે.

૨૯. સદરહું મિલકત સરકારશ્રીએ જાહેર કરેલ અશાંત વિસ્તારમાં સમાવેશ થતો ન હોઇ આ વેચાણ દસ્તાવેજ કરવા સારૂ અશાંત વિસ્તારની પરવાનગી મેળવવાની જરૂરીયાત રહેતી નથી.

૩૦. સદરહું મિલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ દસ્તાવેજ કરવા માટેનાં તમામ ખર્ચ જેવાકે સ્ટેમ્પ ડયુટી, વેલ્યુએશન તફાવતનાં નાણાં, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, અન્ય કાયદાકીય પરચુરણ ખર્ચ વગેરે તમામ જે કાંઇ થાય તે તમો લખાવી લેનારે ભોગવવાનો છે.

<u>પરિશિષ્ટ</u>

ડિસ્ટ્રીક્ટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૧ (અસલાલી) નાં નારોલ તાલુકાનાં મોજે હાથીજણની સીમનાં ફાઈનલ પ્લોટ નંબર ૮૧, ટી.પી.સ્કીમ નંબર ૧૧૬ ની ૭૭૦૯ ચોરસમીટર બીનખેતીની જમીન (બ્લોક નંબર-૫૬૯/૧ ની ૧૨૮૪૯ ચોરસમીટર જમીન) ઉપર આવેલ "સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક" સ્કીમમાં આવેલ શેડ નં.   જે આશરે   ચોરસમીટર જમીન ઉપર આવેલ   ચોરસમીટર કારપેટ બાંધકામવાળી મિલકતનાં ખુંટ ચારનું વર્ણન : -

પુર્વે :-
પશ્ચિમે :-
ઉત્તરે :-
દક્ષિણે :-

ઉપર મુજબનો આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારે આજરોજ વાંચી, સમજી વિચારી, રાજીખુશીથી તથા અક્કલ હોંશીયારીથી, તનમનનાં સાવધાનપણામાં, કોઈના કોઈપણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ અને બિનકેફી આજરોજ અમદાવાદ મુકામે કરી આપેલ છે. જે અમો લખી આપનાર તથા અમારા વંશ, વાલી, વારસો, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, એસાઈનીઓ, સકસેસરો વિગેરે તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે જેની સાબીતીરૂપે નીચેના સાક્ષીઓ ની રૂબરૂ સહી છે.

આજરોજ તારીખ   ૨૦૧૭

સરોવર ડેવલોપર્સ પ્રા.લી. વતી
તેના ડાયરેક્ટર

અનીષ પોરસભાઇ ગાંધી

સાક્ષી :-

૧. ----------------------------------

૨. ----------------------------------

મિલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ

‘‘સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક’’ શેડ નંબર

સરોવર ડેવલોપર્સ પ્રા.લી. વતી તેના ડાયરેક્ટર
અનીષ પોરસભાઈ ગાંધી

મિલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ

''સરોવર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક'' શેડ નંબર

સરોવર ડેવલોપર્સ પ્રા.લી. વતી તેના ડાયરેક્ટર
અનીષ પોરસભાઈ ગાંધી

<u>રજીસ્ટ્રેશન એક્ટ ૩૨(અ) મુજબનું પરિશિષ્ટ</u>

સરોવર ડેવલોપર્સ પ્રા.લી. વતી
તેના ડાયરેક્ટર
અનીષ પોરસભાઈ ગાંધી